ગુજરાતમિત્ર

## ગતિવિધિ

## સ્ટર્લિંગ હોસ્પિટલ્સે પ્રથમ માયલોમા ક્લિનિક શરૂ કર્યું, કેન્સર સંભાળમાં એક નવો બેન્ચમાર્ક




વડોદરા :ભાયલી સ્થિત સ્ટર્લિંગ હોસ્પિટલ્સે વડોદરાના પ્રથમ સમર્પિત માયલોમા ક્લિનિકના લોન્ચ સાથે કેન્સર સામેની લડાઈમાં એક મહત્વપૂર્ણ પગલું ભર્યું છે. આ અત્યાધુનિક સુવિધા જટિલ અને દુર્લભ બ્લડ કેન્સર, મલ્ટીપલ માયલોમા સામે લડી રહેલા દર્દીઓને વિશિષ્ટ નિદાન, વ્યક્તિગત સારવાર અને વ્યાપક સહાય પૂરી પાડવા માટે રચાયેલ છે. માયલોમા, જેને મલ્ટીપલ માયલોમા તરીકે પણ ઓળખવામાં આવે છે, તે પ્લાઝ્મા કોષોને અસર કરે છે, જે રોગપ્રતિકારક તંત્રની એન્ટિબોડીઝ ઉત્પન્ન કરવાની ક્ષમતા માટે જરૂરી છે. આ રોગ શરીરની કુદરતી સંરક્ષણ પદ્ધતિઓને વિક્ષેપિત કરે છે, જેના કારણે ચેપ, હાડકા સંબંધિત ગૂંચવણો, કિડનીની સમસ્યાઓ અને અન્ય ગંભીર સ્વાસ્થ્ય પડકારો પ્રત્યે સંવેદનશીલતા વધે છે. તે 60 વર્ષથી વધુ ઉંમરના વ્યક્તિઓમાં સૌથી વધુ પ્રચલિત છે, જેમાં પુરુષોમાં તેનું પ્રમાણ વધુ છે. વૈશ્વિક સ્તરે, 180,000 થી વધુ કેસ નોંધાયા છે, આ પહેલ પાછળના સ્વપ્નદ્રષ્ટા, મેડિકલ ઓન્કોલોજી અને બોન મેરો ટ્રાન્સપ્લાન્ટના ડિરેક્ટર ડૉ. વિભા નાયકે ક્લિનિકને આકાર આપવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. તેમણે ટિપ્પણી કરી, આ માયલોમા ક્લિનિક એક કાળજીપૂર્વક રચાયેલ, દર્દી-કેન્દ્રિત સુવિધા છે જે આ પડકારજનક રોગના દરેક પાસાને સંબોધે છે.

## સમાન સિવિલ કોડના સમર્થનમાં વકીલો દ્વારા મોટી સંખ્યામાં સૂચનો અંગે ફોર્મ ભરવામાં આવ્યા



વડોદરા : સમાન સિવિલ કોડના સમર્થનમાં વકીલો મોટી સંખ્યામાં સૂચનો અંગે ફોર્મ ભર્યા સરકારમાં સમાન સિવિલ કોડ લાગુ કરાય તે માટે વડોદરા શહેરના અનેક વકીલો તેમજ નોટરી ઓ સહીતના કાયદાના જાણકારોએ UCC ને સમર્થન કરી સૂચનો આપ્યા હતા. ગત તારીખ 2 એપ્રિલના રોજ વડોદરા વકીલ મંડળના પૂર્વ કારોબારી સભ્ય એડવોકેટ હર્ષદ પરમાર દ્વારા મોટી સંખ્યામાં યુસીસીના સમર્થનમાં સૂચનો અંગેના ફોર્મ ભરાવ્યા હતા વકીલો પણ સ્વમંભુ UCC લાગુ થાય અને સમાન સિવિલ કોર્ડ લાગુ થાય તેવો મત વ્યક્ત કર્યો હતો.

## દિલ્હી ખાતે યોજાયેલ વિદુષી રાષ્ટ્રીય પરિષદમાં કોન્ફરન્સમાં MSUની 2 મહિલાઓને એવોર્ડ



વડોદરા : ડૉ. વરદા વસાને (સહાયક પ્રોફેસર, સંસ્કૃત પાલી અને પ્રાકૃત વિભાગ) પ્રતિષ્ઠિત લોપામુદ્રા આંતરરાષ્ટ્રીય વિદુષી સન્માન અને ડૉ. અંજના તિવારી (કામચલાઉ સહાયક પ્રોફેસર, સંસ્કૃત પાલી અને પ્રાકૃત વિભાગ) ને પ્રતિષ્ઠિત અપલા આંતરરાષ્ટ્રીય વિદુષી સન્માનથી સન્માનિત કરાયા છે. તેમને 20 અને 21 માર્ચ 2025ના રોજ દિલ્હીમાં 'ભારતીય જ્ઞાન પ્રણાલીના વિકાસ અને વિકાસ માટે વૈદિક અને વૈદિક પછીની મહિલા વિદ્વાનોની મહત્વપૂર્ણ ભૂમિકા' વિષય પર દિલ્હી યુનિવર્સિટી અને ગ્લોબલ સંસ્કૃત ફોરમ દ્વારા આયોજિત બીજા આંતરરાષ્ટ્રીય વિદુષી પરિષદમાં આ પ્રતિષ્ઠિત પુરસ્કારો પ્રાપ્ત થયા હતા. તેમને પરિષદના તેમના સંબંધિત સત્રોમાં શ્રેષ્ઠ પેપર પુરસ્કારો પણ પ્રાપ્ત થયા છે. કોન્ફરન્સમાં સાત મહિલાઓને એવોર્ડથી સન્માનિત કરવામાં આવી હતી. ગર્વની વાત છે કે આ સાત મહિલા વિદ્વાનોમાં બે મ. સ. યુનિવર્સિટી ઓફ બરોડાની છે. ડો. મૃદુલા કીર્તિ (ઓસ્ટ્રેલિયા), વરદા વસા (ગુજરાત) ડૉ. મધુબાલા સિંહા (બિહાર),ડો. બિંદ્યા ત્રિવેદી (દિલ્હી),ડો. અંજના તિવારી (ગુજરાત) ,પ્રો. અનિતા શર્મા (દિલ્હી), પ્રો. તુલસી દેવી (ઉત્તર પ્રદેશ) સુશ્રી એકતા હિરપરા અને કુ. બિનલ સોલંકી (અનુસ્નાતક વિદ્યાર્થીઓ - SSMA II, સંસ્કૃત પાલી અને પ્રાકૃત વિભાગ)એ પણ આંતરરાષ્ટ્રીય પરિષદમાં ભાગ લીધો છે અને પેપર રજૂ કર્યા છે.

## આઈટીએમ વોકેશનલ યુનિ. વાઘોડિયા રોડ દ્વારા રોજગારલક્ષી નવા અભ્યાસક્રમો

વડોદરા : આઈટીએમ વોકેશનલ યુનિવર્સિટી, વાઘોડિયા રોડ દ્વારા વિદ્યાર્થીઓ માટે રોજગાર લક્ષી અભ્યાસક્રમમાં બીસીએ હોસ્પિટાલિટી અને ટુરિઝમ મેનેજમેન્ટનો અભ્યાસક્રમ, ઈન્ડુસ્ટ્રી કનેક્ટમાં એમબીએનો અભ્યાસક્રમ,



બેચલર ઓફ ઓપ્ટોમેટ્રીના નવા અભ્યાસક્રમ શરૂ કરવામાં આવનાર છે. આયોજિત પત્રકાર પરિષદમાં આઈટીએમ ગ્રુપના ડાયરેક્ટર ધરમવીર ધીરે માહિતી આપતા જણાવ્યું હતું કે આ અભ્યાસક્રમ વિદ્યાર્થીઓને કૌશલ્ય આધારિત શિક્ષણ શીખવવા અને ઉદ્યોગ માટે તૈયાર કરવામાં આવે છે જેનાથી રોજગાર માટે ઉત્તમ તકો પ્રાપ્ત થશે. જે વિદ્યાર્થીઓને હોસ્પિટાલિટી ઔદ્યોગિક અને આરોગ્ય સંભાર જેવા ક્ષેત્રોની શ્રેષ્ઠતા તેમ જરૂરી અને જ્ઞાનથી સજ્જ કરશે. અમારું લક્ષ્ય વિદ્યાર્થીઓને વિશ્વસ્તરીય શિક્ષણમાં સુધારો કરવાનું છે. બીસીએ હોસ્પિટાલિટી અને ટુરિઝમ મેનેજમેન્ટનું વાઘોડિયા કેમ્પસમાં બે વર્ષનું શિક્ષણ અને દુબઈ તથા યુએસએમાં એક વર્ષનું ઈન્ટરનેશનલ ઈન્ટર્નશીપ પણ આપવામાં આવે છે. જ્યારે ઈન્ડસ્ટ્રી કનેક્ટ એમબીએમાં વિદ્યાર્થીઓને એમબીએ આઈ કનેક્ટમાં કોઈ પેપર પેન પેટર્ન માં પરીક્ષાની પેટર્ન નથી અને તે ગુણ અને પ્રોજેક્ટ બેઝ લર્નિંગ બનાવે છે. જ્યારે બેચલર ઓફ ઓપ્ટોમેટ્રી અભ્યાસક્રમમાં ચાર વર્ષનો અભ્યાસક્રમ ત્રણ વર્ષ કેમ્પસ શિક્ષણ અને એક વરસ ઈન્ટરનશીપ આપવામાં આવે છે.

### મહેસુલ વિભાગ હસ્તક કામગીરી કરતા નાયબ મામલતદારોની બદલી

# આઠ નાયબ મામલતદાર જિલ્લા બહાર ગયા, પાંચ વડોદરા આવ્યા

**રાજ્યના** 157 નાયબ મામલતદારની બદલીનો ગંજીપો ચીપાયો

**બદલીઓની** ચર્ચા રાજ્ય સરકારમાં બંધ બારણે ચાલુ જ રહી

**વડોદરાથી બદલી થયેલા નાયબ મામલતદારો**

(૧) પરેશ ટંડેલ,તાપી, (૨) નરેશ વણકર દેવભૂમિ દ્વારકા
(૩) અમિત સોની પાટણ, (૪) એ આર કુમાર પોરબંદર
(૫) શૈલેષ પરમાર સુરત, (૬) સંજય લુહાર ખેડા
(૭) પ્રજ્ઞાબેન ચૌધરી તાપી, (૮) મહેન્દ્ર સુરતી તાપી,

**જિલ્લા બહારથી વડોદરા આવેલા નાયબ મામલતદારો**

(૧) વી એસ પડસુંબિયા ગિર સોમનાથ, (૨) અરવિંદ મહીડા દાહોદ
(૩) સી આર પરમાર મોરબી, (૪) સી એસ મુનિયા જૂનાગઢ,
(૫) હેમાલી મહેશ્વરી મહેસાણા

(પ્રતિનિધી) વડોદરા, તા.3
રાજ્યના લગભગ તમામ જિલ્લાઓમાં કામગીરી કરતા નાયબ મામલતદારોની આંતરિક બદલીઓ મહેસુલ વિભાગે કરી હતી.

ગુજરાતના રાજ્યપાલે મહેસુલ વિભાગને નાયબ મામલતદારોની બદલીના આદેશ આપતા હુકમ ઉપર મંજૂરીની મહોર મારી હતો. જે આદેશનો અમલ મહેસુલ વિભાગે સત્વરે કરતાં રાજ્યના 157 નાયબ મામલતદારોની બદલીનો હુકમ કરવામાં આવ્યો હતો. અમદાવાદ સુરત વડોદરા સહિત લગભગ મોટાભાગના જિલ્લાઓમાં વર્ષોથી ચીટકી રહેલા નાયબ મામલતદારોનો પણ તબાદલો હાથ ધરવામાં આવ્યો હતો. ગુજરાત રાજ્યના વર્ગ ત્રણ ના જિલ્લા કર્મચારીઓની સાગમટે બદલીઓથી કચેરીઓમાં ચર્ચા એરણે ચડી હતી.

છ માસ પૂર્વે રાજ્ય ના નાયબ મામલતદારોને બઢતી સાથે બદલીઓના હુકમો કરવામાં આવ્યા હતા ત્યારથી રાજ્યના નાયબ મામલતદારોની બદલીઓની ચર્ચા રાજ્ય સરકારમાં બંધ બારણે ચાલુ જ રહી હતી જેનો આખરે અમલ થયો.

## અપહરણ કરી ખંડણી માગનાર મહિલાના જામીન નામંજૂર

(પ્રતિનિધી) વડોદરા તા.3
શહેરના વાસણા ભાયલી રોડ પર આવેલી આશીર્વાદ ડુપ્લેક્ષમાં રહેતા રજનીકાંત અંબાલાલ પરમારનો પુત્ર નિખીલ નવી મુંબઈ ખાતે નોકરી કરતો હતો. તેને પ્રિતિ સિન્હા સાથે પ્રેમ સંબંધ હતા. દરમિયાન મધુમિતા, કપીલ દેવપ્રકાશ રાજપૂત અને ગીરીશ ભોલે સાથે મળીને યુવકનું અપહરણ કરી મુંબઈમાં ગોંધી ત્રિપુટીએ વડોદરા ખાતે રહેતા નિખિલના પિતા રજનીકાંતને પરમારને ફોન કરીને તમારા પુત્ર બળાત્કારનો ગુનો નોંધાયો છે તેમ કહીને પાસે 12 કરોડની માગ કરી હતી. પોલીસે ખંડણી લેવા આવેલા ગીરીશ ભોલે ધરપકડ કરી પૂછપરછ કરતા મધુમીતા તથા કપિલ રાજપૂતની ધરપકડ કરી હતી. જેમાં અગાઉ ગીરીશ જેલમાં ધકેલાયો હતો. પરંતુ મહિલા આરોપી ફરાર હતી. 3 એપ્રિલે આ આરોપી પ્રિતી સબ્યસાચી સિન્હા (રહે. નવી મુંબઈ)એ કોર્ટમાં આગોતરા જામીન અરજી રજૂ કરી હતી પરંતુ કોર્ટ દ્વારા જામીન અરજી નામંજર કરી હતી.

## 'મારા ભગવાનને મારી શુભેચ્છા' હેઠળ ભક્તોએ ગ્રીટિંગ્સ પાઠવ્યા

**અટલાદરા** મંદિર ખાતે ભગવાન સ્વામિ નારાયણના પ્રાગ્ટ્યોત્સવની ભવ્ય ઉજવણી



(પ્રતિનિધી) વડોદરા, તા.3
અટલાદરા મંદિર ખાતે 'મારા ભગવાનને મારી શુભેચ્છા' અંતર્ગત યુવા યુવતીઓએ અસંખ્ય ગ્રીટિંગ્સ પાઠવ્યા હતા. તા. ૩ એપ્રિલ એટલે ભગવાન સ્વામિનારાયણનો પ્રાગટ્ય દિવસ. ૨૪૪ વર્ષ પહેલા આજના દિવસે તારીખ ૩/૪/૧૭૮૧ ના રોજ સ્વામિનારાયણ ભગવાનનો જન્મ થયો હતો. આ દિવ્ય પ્રસંગ ની સ્મૃતિ માં બીએપીએસ સંસ્થાના યુવકો દ્વારા દરેકના પોતાનામાં રહેલ રચનાત્મકતા ને પ્રવર્તમાન યુગ અનુસાર ટેબ્લેટ, લેપટોપ, મોબાઈલ ફોન અથવા કોમ્પ્યુટર માં વ્યક્તિગત સ્ફુરેલ વિચાર ને શબ્દ દેહ આપી પ્રાણ પ્યારા ભગવાન ને ઈ ગ્રીટિંગ્સ પાઠવેલ હતું, તદુપરાંત યુવતીઓ એ પણ પોતાના મૌલિક વિચારો ને કાગળ પર કંડારી ને ભગવાન પ્રત્યે ભક્તિ અર્ધ્ય અર્પણ કરેલ હતું. આવા એક હજાર થી વધુ ઈ ગ્રીટિંગ અને ગ્રીટિંગ કાર્ડ આજરોજ પૂજ્ય સંતોના માર્ગદર્શન અનુસાર પ્રભુ પ્રતિમાઓ પાસે ગોઠવાયા હતા.

આ અભિનવ દર્શન કરવા શહેર ના ઘણી મોટી સંખ્યા માં ભાવિકો દર્શનાર્થે ઉમટ્યા હતા.

### આરોપીના 8 દિવસના રિમાન્ડ મંજૂર

# ભરૂચના ચકચારી હત્યાકાંડમાં મૃતકના બાકીના અંગો મળ્યા

**'હત્યારાને** ફાંસી આપો' મૃતકના ભાઈની માંગ

(પ્રતિનિધી) ભરૂચ, તા.3
ભરૂચ શહેરમાં મિત્ર દ્વારા લોન તથા પત્નીના ફોટાઓ બાબતે હત્યા કરી, બાદ શરીરના ટુકડા કરી અલગ-અલગ જગાએ નિકાલ કરી દેવાના કિસ્સામાં આરોપી શૈલેન્દ્રસિંહ ચૌહાણને કોર્ટે આઠ દિવસના રિમાન્ડમાં લેવાનો હુકમ આપ્યો હતો. મૃતક સચિન ચૌહાણના શરીરના બાકીના અંગો પણ પોલીસને મળી આવ્યા હતા મૃતકના પરિવારે આરોપીને ફાંસીની સજા મળે તેવી મુખ્યમંત્રી પાસે માંગ કરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, સચીન પ્રવીણસિંહ ચૌહાણ અને શૈલેન્દ્રસિંહ વિજયપાલ ચૌહાણ કોલેજકાળથી મિત્ર હતા. ઘટનાની શરૂઆત સચિને શૈલેન્દ્રની પત્નીના ગોપનીય ફોટો તેના મોબાઈલમાંથી લઈ લેવાથી થઈ હતી. આ ઉપરાંત બંને વચ્ચે નાણાંકીય વ્યવહારો પણ હોવાથી શૈલેન્દ્રએ સચીનના નામે લાખો રૂપિયાની લોન પણ લીધી હતી. જેના કારણે બંને વચ્ચે તણાવ વધ્યો હતો. સચિન શૈલેન્દ્રને બ્લેકમેઈલ કરી પરેશાન પણ કરવા લાગ્યો હતો. છતાં, શૈલેન્દ્રે સચિન સાથે મિત્રતા જાળવી રાખી અને તા.24 માર્ચની રાત્રિએ તેને ઘરે જમવા બોલાવ્યો. જમીને બંને ઊંઘી ગયા હતા. પરંતુ મોડી રાતેએ શૈલેન્દ્રે સચિનના મોબાઈલમાંથી ફોટો ડિલીટ કરવાનો પ્રયાસ કરતાં ઝઘડો થયો હતો.

જેમાં ગુસ્સામાં શૈલેન્દ્રએ શાકભાજી કાપવાના ચાકુથી સચિનની હત્યા કરી બાદ શબના નવ ટુકડા કરી ભોલાવ GIDCની વિવિધ ગટરોમાં ફેંકી પુરાવાનો નિકાલ કર્યો હતો. જે પૈકી માથાનો ભાગ કોઈ સ્ટ્રીટ ડોગે બહાર ખેંચી લાવતા ગુનો બન્યાની હકીકત સામે આવી હતી. પોલીસે બાકીના અંગો પણ શોધી કાઢતા મૃતકના તમામ અંગો મળી આવ્યા છે, જેથી હવે અંતિમ સંસ્કાર કરી શકાશે. પરંતુ, હત્યામાં વપરાયેલ લોખંડની આરી, લોહીથી ભીંજાયેલા કપડા અને સચિનનો મોબાઈલ હજુ પણ મળ્યો નથી. કોર્ટે આઠ દિવસનું રિમાન્ડ મંજૂર કર્યા હતા.

## પેરામેટ્રિક્સ ટેક્નોલોજીસે જાપાનમાં વ્યૂહાત્મક અધિગ્રહણની જાહેરાત કરી

(પ્રતિનિધી) વડોદરા, તા.3
પેરામેટ્રિક્સ ટેક્નોલોજીસ લિમિટેડ (NSE: PARAMATRIX) અગ્રણી ટેક્નોલોજી સોલ્યુશન્સ પ્રદાતા છે, તે એ જાહેરાત કરતા આનંદ અનુભવી રહી છે કે પેરામેટ્રિક્સ ટેક્નોલોજીસ લિમિટેડની સંપૂર્ણ માલિકીની પેટાકંપની પેરામેટ્રિક્સ ટેક્નોલોજીસ લિમિટેડ, હોંગકોંગે જાપાનમાં સ્થાપિત કંપની પેરામેટ્રિક્સ ટેક્નોલોજીસ કેકેમાં 51% હિસ્સાના અધિગ્રહણને મંજૂરી આપી છે.આ કરાર હેઠળ, પેરામેટ્રિક્સ ટેક્નોલોજીસ લિમિટેડ, હોંગકોંગ, એકમાત્ર શેરધારક શ્રી જોન ઝેન્ડાનો પાસેથી પ્રતિ શેર 10,000 (આશરે 5,723)ના ભાવે 510 ઈક્વિટી શેર ખરીદશે, જેની કુલ કિંમત 5.1 મિલિયન (આશરે 29 લાખ) થશે.

આ અધિગ્રહણ કંપનીની આંતરરાષ્ટ્રીય કામગીરીને વિસ્તૃત કરવાની અને નવા બજારોમાં હાજરી સ્થાપિત કરવાની યોજનાનો એક ભાગ છે. પેરામેટ્રિક્સ ટેક્નોલોજીસ કેકેને સપ્ટેમ્બર 2024માં સમાવિષ્ટ કરવામાં આવી હતી.

## સિકલીગર ગેંગના 14 આરોપીને અન્ય જેલમાં ખસેડવા મંજૂરી

(પ્રતિનિધિ) વડોદરા,તા.3
વડોદરા શહેર સહિત સમગ્ર ગુજરાત રાજ્યમાં ઘરફોડ, ચોરી , ચેઈન સ્નેચિંગ, લૂંટ, હત્યા, હત્યાનો પ્રયાસ, રાયોટિંગ જેવા 264 ગુનાઓ આચરનાર સિકલીગર ગેંગના 17 આરોપીઓ સામે ગુજસીટોક હેઠળ ગુનો દાખલ કર્યો હતો. બધા આરોપીઓને એક જ જેલમાં સાથે રાખવામાં આવે તો અન્ય ગુનાઓનું કાવતરુ રચવુ સરળ બનશે. આરોપીઓનું વર્તન અન્ય કેદીઓના જીવ પર જોખમ ઊભું કરી શકે છે. કેદીઓની સલામતી અને સુરક્ષા જેલ અધિકારીઓની મુખ્ય જવાબદારી છે. અન્ય કેદીઓના હિતમાં આ આરોપીઓને વડોદરાની સેન્ટ્રલ જેલમાંથી રાજ્યની વિવિધ જેલોમાં ટ્રાન્સફર કરવામાં આવે તેવી માંગ કરાઈ હતી. જેથી કોર્ટે જો કોઈ કેદીનું વર્તન જેલની સલામતી અને વ્યવસ્થા માટે ખતરો ઊભો કરતો હોય તો તેમને બીજી જેલમાં ટ્રાન્સફર કરી શકાય છે. આરોપીઓ સામે નોંધાયેલા ગુનાની ગંભીરતાને ધ્યાનમાં રાખી તેમજ અન્ય કેદીઓની સલામતી સુરક્ષાને ધ્યાનમાં રાખી 14 આરોપીઓને રાજ્યની વિવિધ જેલોમાં ટ્રાન્સફરનો આદેશ આપવામાં આવ્યો છે.


HDFC BANK We understand your world

**એચડીએફસી બેંક લિમિટેડ**

**શાખા :** એચડીએફસી હાઉસ, ટ્રિડેન્ટ કોમ્પ્લેક્સ, રેસકોર્સ વડોદરા ૩૯૦૦૦૭.
**CIN** L70100MH1977PLC019916 **વેબસાઈટ:** www.hdfc.com

**પઝેશન નોટિસ**

જ્યારે હાઉસિંગ ડેવલપમેન્ટ ફાઇનાન્સ કોર્પોરેશન લિમિટેડના ઓથોરાઇઝ્ડ ઓફિસર/ઓ દ્વારા સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઇન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ હેઠળ અને સિક્યુરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના નિયમ ૩ સાથે વાંચવામાં આવતી કલમ ૧૩ (૧૨) હેઠળ પ્રદાન કરવામાં આવેલી સત્તાઓનો ઉપયોગ કરીને ઉપરોક્ત કાયદાની કલમ ૧૩ (૨) હેઠળ ડિમાન્ડ નોટિસ જારી કરવામાં આવી હતી. નીચેના ઋણલેનાર(ઓ) / કાનૂની વારસદાર(ઓ) અને કાનૂની પ્રતિનિધિઓ(ઓ)ને ઉપરોક્ત નોટિસોમાં ઉલ્લેખિત લાગુ પડતા દરે તેમના સંબંધિત નામ સામે ઉલ્લેખિત રકમની સાથે સાથે ઉપરોક્ત નોટિસોમાં ઉલ્લેખિત લાગુ દરો પર, ઉપરોક્ત નોટિસોની તારીખથી ૬૦ દિવસની અંદર, આનુષંગિક ખર્ચ, ખર્ચ, ચાર્જિસ વગેરે ચૂકવણીની તારીખ અને / અથવા પ્રાપ્તિની તારીખ સુધી ચૂકવવાનું આહવાન કરે છે.

| ક્રમ ન. | ઋણલેનાર (ઓ) / કાનૂની વારસદારો અને કાનૂની પ્રતિનિધિઓનું નામ | બાકી લેણાં | ડિમાન્ડ નોટિસ તારીખ | કબજાની તારીખ | સ્થાવર મિલકત(ઓ) / સિક્યોર્ડ એસેટ(ઓ) નું વર્ણન |
|---|---|---|---|---|---|
| એ | બી | સી | ડી | ઈ | એફ |
| 1 | શ્રી પારેખ કેયુરકુમાર શૈલેષભાઈ (ઋણલેનાર) શ્રીમતી પારેખ બેલાબેન કેયુરકુમાર (સહ-ઋણલેનાર) 182946 - 685215424,690709961 | ૩૧.૦૮.૨૦૨૪ ના રોજ રૂ. ૨૮,૪૫,૩૭૬/- અને રૂ. ૩૫,૫૦૩/- બાકી | ૨૫.૦૯.૨૦૨૪ | ૦૨.૦૪.૨૦૨૫ ફિઝિકલ | ફ્લેટ-સી/૩૦૪, ત્રીજો માળ, લાભ રેસિડેન્સી, ટાવર સી, એસ નં. ૬૯૮/પી, જય નારાયણ સોસાયટી પાસે, ગોરવા કરોડિયા રોડ, વડોદરા - ૩૯૦૦૧૬ |

જો કે, અહીં ઉલ્લેખિત ઋણલેનાર/કાનૂની વારસદારો અને કાનૂની પ્રતિનિધિઓ(ઓ) બાકી નીકળતી રકમની ચુકવણી કરવામાં નિષ્ફળ ગયા હોવાથી, અહીં ઉલ્લેખિત ઋણલેનાર/કાનૂની વારસદારો અને કાનૂની પ્રતિનિધિઓ(ઓ) અને કાનૂની પ્રતિનિધિઓને અને સામાન્ય રીતે જનતાને નોટિસ આપવામાં આવે છે કે એચડીએફસીના અધિકૃત અધિકારી/ઓ એ કલમ ૧૩(૪) હેઠળ તેમને આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરીને ઉપર જણાવેલ સ્થાવર મિલકત (ઓ) / સુરક્ષિત સંપત્તિ (ઓ) નો ભૌતિક કબજો લીધો છે. ઉપરોક્ત અધિનિયમની ઉપર જણાવેલ તારીખો પરના ઉપરોક્ત નિયમોના નિયમ ૮ સાથે વાંચવામાં આવે છે.
અહીં ઉલ્લેખિત ઋણલેનાર(ઓ) / કાનૂની વારસદારો અને કાનૂની પ્રતિનિધિઓ(ઓ) ખાસ કરીને અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીંથી ઉપરોક્ત સ્થાવર મિલકત (ઓ) / સિક્યોર્ડ એસેટ્સ (ઓ) સાથે વ્યવહાર ન કરવા ચેતવણી આપવામાં આવે છે અને ઉપરોક્ત સ્થાવર મિલકત (ઓ) / સિક્યોર્ડ એસેટ્સ (ઓ) સાથેનો કોઈ પણ વ્યવહાર એચડીએફસીના મોર્ગેજને આધિન રહેશે.
ઋણલેનાર(ઓ) / કાનૂની વારસદારો/કાનૂની પ્રતિનિધિ(ઓ) ધ્યાન સુરક્ષિત સંપત્તિ/ઓ ને રિડીમ કરવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભમાં કાયદાની કલમ ૧૩ ની પેટા-કલમ (૮) ની જોગવાઈઓ પર આમંત્રિત કરવામાં આવે છે.
પંચનામાની નકલો દોરવામાં આવી હોય અને માલ સુચિ કરવામાં આવેલ હોય તે નીચે સહી કરેલ વ્યક્તિ પાસે ઉપલબ્ધ હોય છે, અને ઉક્ત ઋણલેનાર(ઓ) / કાનૂની વારસદાર(ઓ) / કાનૂની પ્રતિનિધિ (ઓ) ને ઓફિસના સામાન્ય કલાકો દરમિયાન કોઈ પણ કામકાજના દિવસે નીચે સહી કરાયેલ પાસેથી સંબંધિત નકલ એકત્રિત કરવા વિનંતી કરવામાં આવે છે.

**તારીખ : ૦૩.૦૪.૨૦૨૫**
**સ્થળ : વડોદરા**

**એચડીએફસી બેંક લિ.**
**સહી/-**
**અધિકૃત અધિકારી**

**રજિસ્ટર્ડ ઓફિસ: હાઉસિંગ ડેવલપમેન્ટ ફાઇનાન્સ કોર્પોરેશન લિમિટેડ, રેમન હાઉસ, એચ.ટી.પારેખ માર્ગ, ૧૬૯, બેકબે રિક્લેમેશન, ચર્ચગેટ, મુંબઇ**


# ચોરાઆમલા ગામે લિગ્નાઈટ પ્રોજેકટનો વિરોધ!

(પ્રતિનિધી) ભરૂચ,તા.3
વાલિયા તાલુકાના ચોરાઆમલા ગામ ખાતે GMDC દ્વારા ગ્રામસભાનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં ગ્રામજનોએ ઠરાવ કરીને પ્રબળ વિરોધ નોંધાવ્યો હતો. ભરૂચના વાલિયા તાલુકાના ચોરાઆમલા ગામ ખાતે પ્રાંત અધિકારી,GMDCના અધિકારી તેમજ મામલતદાર સહિતના અધિકારીની ઉપસ્થિતમાં ગ્રામ સભા મળી હતી.જેમાં ગ્રામજનો સાથે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.આ ગ્રામસભામાં જમીન સંપાદનની જંત્રીમાં વધારો સહિત અન્ય મુદ્દે ગ્રામજનોએ અભિપ્રાય આપ્યા હતા.સાથે કેટલાક ગ્રામજનોએ ગ્રામસભાનો પ્રબળ વિરોધ નોંધાવ્યો હતો.જેમાં ઠરાવ કરીને વાંદરિયા-ચોરાઆમલા ગ્રૂપ પંચાયતમાં સમાવિષ્ટ વિસ્તાર બંધારણની પાંચમી અનુસૂચિત હેઠળ સુરક્ષિત હોવાથી લિગ્નાઈટ પ્રોજેક્ટ માટે તેનું સંપાદન નહીં કરવામાં આવે એવી માંગ કરી હતી. ઉપરાંત આદિવાસી વિસ્તારમાં આર્થિક,સામાજિક સ્તરે સમૂહભાવ,પર્યાવરણ તેમજ આદિવાસી અસ્મિતા,પરંપરાગત સંસ્કૃતિને નુકશાન થાય તેમ હોવાથી આવા પ્રોજકેટ અટકાવવામાં આવે તેવી પ્રબળ માંગ કરી છે.

## ગુજરાત પ્રદેશ સુથાર સમાજના પ્રમુખની નિમણૂક

વડોદરા. તાજેતરમાં દિલ્હી ખાતે યોજાયેલ અખિલ ભારતીય વિશ્વકર્મા વંશજ



સર્વોત્થાન સંગઠનનું રાષ્ટ્રીય સંમેલન યોજાયું હતું. જેમાં ગુજરાત પ્રદેશના પ્રમુખનો રાષ્ટ્રીય કાર્યકારીણીમાં પ્રભારી મંત્રી તરીકે સમાવેશ કરવામાં આવ્યો હતો. આ સંમેલનમાં હિમાચલપ્રદેશે, ઉત્તરપ્રદેશ, હરિયાણા, રાજસ્થાન, પંજાબ, મહારાષ્ટ્ર અને ગુજરાત સહિતના રાજ્યમાંથી સમાજના અગ્રણીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. જેમાં ગુજરાત પ્રદેશ સુથાર સમાજના પ્રમુખ તરીકે ઠાકોર મિસ્ત્રી સહિત 13ની રાષ્ટ્રીય કાર્યકારીણી સમિતિમાં વરણી કરવામાં આવી હતી.


**ટાઈટલ વેરીફીકેશન અંગેની જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસ થકી જાણ કરી જણાવવામાં આવે છે કે, **ડીસ્ટ્રીક્ટ નાશિક, સબ-ડીસ્ટ્રીક્ટ સુરગાણા ના મોજે ગામ હતગડ** ગામના ગ્રામ પંચાયત હદની મિલકત કે જે નીચે મુજબ છે.

| અ.નં. | ગ્રામ પંચાયત મિલકત નંબર | ક્ષેત્રફળ ચો.મી. | મિલકતના હાલના માલિક |
|---|---|---|---|
| ૧. | ૫૮૦ | ૨૭૮.૮૧ | નલિની સંજય દિઘાવકર |
| ૨. | ૫૮૧ | ૨૭૮.૮૧ | ઉદય વિજય એકબુટે |
| ૩. | ૩૯૮ | ૩૩૪.૫૭ | અતુલ મધુકર જાધવ |
| ૪. | ૩૫૩ | ૩૪૦.૧૪ | સીતારામ રામા ગવલી |
| ૫. | ૩૭૩ | ૨૭૮.૮૧ | રેખા અતુલ જાધવ |
| ૬. | ૩૮૩ | ૩૩૪.૫૭ | સંદિપ મધુકર જાધવ |
| ૭. | ૩૯૩ | ૩૩૪.૪૫ | શાલિની વિપુલ પારેખ ઉર્ફે પિંગલે |
| ૮. | ૧૪ | ૧૪૮.૬૯ | ભીકન કિશન પીઠે |
| ૯. | ૫૮૨ | ૧૮૫.૭૧ | મીના શશીકાંત જાધવ |

સદરહુ ઉપરોક્ત વર્ણન કરેલ મિલકતના મુળ ધારક તથા પાવરદાર **અબ્દુલ રશિદ રજાક શેખ**ના કબજા ભોગવટા, બોજા વગર, વહીવટ, વ્યવસ્થા હેઠળ ચાલી આવેલ હોવાનું જણાવીને મારા અસીલને વેચાણ કરવા માંગે છે. અને અમારી પાસે ટાઇટલ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. જેથી સદરહુ મિલકતમાં કોઇપણ વ્યક્તિ, વંશ, વાલી, વારસો, બેંક, સંસ્થા, વિગેરેનો કોઇપણ પ્રકારનો વિરોધ, કબજા હક્ક, માલિકી હક્ક, હિત, અધિકાર, દાવો, બોજો, ધિરાણ, ગીરો, હક, સાટાખત, વપરાશી હક્ક, કોર્ટનો મનાઇ હુકમ તથા અન્ય કંઇપણ હોય તો આ નોટીસ પ્રસિદ્ધ થયેથી ૧૦ દિવસમાં લેખિત પુરાવા લઇને અમોને મળવું. તેમ કરવામાં કસુર કરશો તો મુદ્દત વિત્યા બાદ કોઇનો કશા પ્રકારનો કાયદેસરનો વાંધો, વિરોધ, તકરાર, કબજા હક્ક, હિત, વેચાણ હક્ક અધિકાર વિગેરે રાજીખુશીથી જમીન માલિકની તરફેણમાં જતા કરેલ છે યાને વેવ કરેલ છે. તેમ માની મુળ જમીન માલિકને નક્કી કરેલ પુરેપુરો વેચાણ અવેજ ચુકવીને સદરહુ જમીનોના પાકા જરૂરી લખાણો તથા પાકા દસ્તાવેજ મારા અસીલના નામે કરી લેવામાં આવશે. ત્યારબાદ કોઇની કોઇપણ પ્રકારની તર-તકરાર, વાંધો, વિરોધ, દાવા-દુવી ચાલશે નહી જેની સ્પષ્ટ નોંધ લેવી.

**ઓફિસ : ૫, પહેલો માળ, શીવરંજની કોમ્પલેક્ષ, ઈશ્વરનગર સોસાયટી, સીંગણપોર ચાર રસ્તા, સુરત. મો. ૯૮૨૪૧ ૩૭૭૧૩**

**કલ્પેશ એ.સુતરીયા**
**તે ખરીદનારના એડવોકેટ**



**વડોદરા મહાનગરપાલિકા**

**વડોદરા મહાનગરપાલિકાના પ્લોટો / જમીનો વેચાણ (OUTRIGHT SALE) થી મેળવવા અંગેની જાહેરાત**

વડોદરા મહાનગરપાલિકાના વિવિધ ટી.પી. સ્કીમો અન્વયે પ્રાપ્ત થયેલ વિવિધ હેતુ માટેના પ્લોટો (freehold land) જાહેર હરાજીથી વેચાણથી આપવા નિયત નમુનાના અરજીપત્રકમા અરજીઓ મંગાવવામા આવે છે. રસ ધરાવતી સરકારી/અર્ધસરકારી સંસ્થાઓ, ઓર્ગેનાઇઝર્સ/ડેવલપર્સ/સંસ્થા/હોલસેલ-રીટલમાર્કેટ/બેંક/ધંધા સાથે સંકળાયેલ વેપારીઓ/વ્યકિતઓ વિગેરે અરજી કરી જાહેર હરાજીમાં ભાગ લઇ શકશે.

૧. **જાહેર હરાજીનું સ્થળ :** કોન્ફરન્સ હોલ, ખંડેરાવ માર્કેટ બિલ્ડીંગ, વડોદરા.
૨. **જાહેર હરાજીમાં ભાગ લેવા અર્નેસ્ટમની ડીપોઝીટ ભરવાની છેલ્લી તારીખ :** ૧૬/૦૪/૨૦૨૫ (બુધવાર).
૩. **જાહેર હરાજીની તારીખ :** ૩૦/૦૪/૨૦૨૫ (બુધવાર). સમય :- બપોરે ૧૨:૦૦ કલાકે.

| અ. નં. | ટી. પી. સ્કીમ નંબર | ફા. પ્લોટ નંબર | ક્ષેત્રફળ (ચો.મી.) | હેતુ | મીનીમમ અપસેટ વેલ્યુ રૂા. (પ્રતિ ચો.મી.) | વિસ્તાર / સરનામું |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૧ – હરણી | ૧૪૩ | ૬,૧૫૫ | સેલ ફોર કોમર્શિયલ | ૧,૨૦,૦૦૦/- | ક્રિષ્ણા સ્કાય વિલા પાસે, હરણી કેનાલ રોડ, હરણી. |
| ૨ | ૧ – હરણી | ૧૫૬ + ૧૫૭ | ૧૬,૫૨૩ | સેલ ફોર કોમર્શિયલ | ૧,૧૦,૦૦૦/- | શ્રી સિધ્ધેશ્વર પેરાડાઈસની સામે, મહારાણા પ્રતાપ રોડ(હરણી-સમા લિંક રોડ), હરણી. |
| ૩ | ૧ – હરણી | ૧૫૪ | ૫૯૨૦ | સેલ ફોર કોમર્શિયલ | ૧,૨૦,૦૦૦/- | રાધે શ્યામ પાર્ટી પ્લોટ અને શ્રી બાલાજી ગાર્ડનની વચ્ચેવાળો પ્લોટ, હરણી-વિરોદ રોડ, હરણી. |

**શૈક્ષણિક / આરોગ્ય હેતુસર ૫૦% મુજબ મળવાપાત્ર રાહત બાદની અપસેટ વેલ્યુ**

| અ. નં. | ટી.પી. સ્કીમ નંબર | ફા.પ્લોટ નંબર | ક્ષેત્રફળ ચો.મી. | હેતુ | મીનીમમ અપસેટ વેલ્યુ રૂા. (પ્રતિ ચો.મી.) | ૫૦% રાહત બાદની મીનીમમ અપસેટ વેલ્યુ રૂા. (પ્રતિ ચો.મી.) | વિસ્તાર / સરનામું |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૧૧- સમા (એક્ષ.) | ૮૨ | ૧૪૩૨ | હોસ્પિટલ | ૮૫,૦૦૦/- | ૪૨,૫૦૦/- | સુર્યદિપ સોસાયટીની બાજુમાં, ત્રીમુર્તી બંગ્લોઝ રોડ, સમા. |

**-: જાહેર હરાજીમાં ભાગ લેવાની સામાન્ય શરતો :-**

૧. **અર્નેસ્ટમની ડીપોઝીટઃ** હરાજીમાં ભાગ લેવા ઇચ્છતા બીડરે તમામ પ્લોટોમાં બોલી બોલવાના અધિકાર માટે રૂા.૧૦,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા દસ લાખ પુરા) ભરવાના રહેશે. સદર રકમ **"મ્યુનિસિપલ કમિશનર, વડોદરા"** નામનો શીડયુલ બેંકના વડોદરામાં ચુકવણી થાય તેવા રાષ્ટ્રીયકૃત બેંકના ડીમાન્ડ ડ્રાફ્ટથી ભરવાની રહેશે.
૨. મ્યુનિસિપલ કમિશનર, વડોદારા મહાનગરપાલિકાને મહત્તમ બોલી સ્વિકારવાનો અથવા નકારવાનો અબાધિત અધિકાર રહેશે અને તે નિર્ણય છેવટનો અને તમામ બીડરને બંધનકર્તા રહેશે.
૩. પ્લોટ ઉપર મળવાપાત્ર બાંધકામ, એફ.એસ.આઇ. વિગેરે વિગતો અમલી C.G.D.C.R. ના નિયમો મુજબ જરૂરી સ્પષ્ટતા ટાઉન ડેવલોપમેન્ટ ઓફિસ(બાંધકામ પરવાનગી શાખા) માંથી મળી શકશે.
૪. જાહેર હરાજીના સ્થળ, સમય, તારીખમાં ફેરફાર કરવાનો અબાધિત અધિકાર મ્યુનિસિપલ કમિશનરશ્રી, વડોદરાનો રહેશે. જો કે આ અંગેની સુચનાઓ બીડરને પર્યાપ્ત સમયગાળો રાખીને આપવામાં આવશે.
૫. હરાજીમાં ભાગ લેવા માટેની અરજીનું ફોર્મ તથા વધુ વિગતો/માહિતી વડોદરા મહાનગરપાલિકા સ્થિત રૂમ નં: ૨૦૩, જમીન મિલકત શાખા (કોમર્શિયલ), ખંડેરાવ માર્કેટ બિલ્ડીંગ, રાજમહેલ રોડ, વડોદરા મહાનગરપાલિકા, વડોદરા, ગુજરાત-૩૯૦૨૦૯ ની કચેરીમાંથી ૧૧:૦૦ થી ૨:૦૦ કલાક દરમ્યાન તે અંગેની નિયત ફી રૂા.૧૦૦/- રોકડા ભરેથી મળી શકશે.

વધુ વિગતો માટે ફોન નં.(૦૨૬૫) ૨૪૩૩૩૮૮, ૨૪૩૩૧૧૬, ૨૪૩૩૩૧૮ (એક્ષ્ટેન્શન-૩૦૮) તથા વેબ સાઇટ www.vmc.gov.in પર જોવા વિનંતી છે.

પી.આર.ઓ. નં.૧૦/૨૦૨૫-૨૬.

**મ્યુનિસિપલ કમિશનર**